જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૩૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૩૮૧ લીટર દેશી દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૩૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૩૨/૧૮

**ક્રાઈમ બ્રાન્ચઃ** દિલીપભાઇ નરસિંહભાઇ પટેલ (ઉ.વ.૮૨) (રહે.યુગાન્ડા સોસાયટી, સુભાષચોક પાસે, મેમનગર) એ તા.૧૬/૦૨/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માર્ચ/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા ઈસમોએ ભેગા મળી સરકારી સંસ્થામાં કોઇપણ પ્રકારની ફરજ ન બજાવતા હોવા છતાં પોતે સરકારી કર્મચારી છે અને ઇડી તથા ઇન્શોરન્સ કંમ્પલેન ફોરમમાં નોકરી કરતા ન હોવા છતાં દિલીપભાઈની ખાનગી માહીતી મેળવી તેનો ઉપયોગ કરી જુદા જુદા મોબાઇલ નંબરોથી લોભામણી વાતો કરી વિશ્વાસમાં લઇ અલગ-અલગ બેંકોમાં પ્રોસીજર ફી પેટે કુલ રૂપિયા ૧,૧૮,૭૮,૮૩૩/- ભરાવડાવી, તે નાણાં ઉપાડી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૩૩૩/૧૮

**વટવાઃ** મહેન્દ્રભાઇ જેઠાલાલ શાહ (ઉ.વ.૭૦) (રહે. હરીકૃષ્ણ પાર્ક સોસાયટી પુનીતનગર રેલ્વે ક્રોસીંગ પાસે વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૧૮ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે પુનીત નગર રેલ્વે ક્રોસીંગ પાસે હરીકૃષ્ણ પાર્ક સોસાયટી અંબાજી માતાના મંદિર સામેથી મહેન્દ્રભાઇના પત્ની પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મહેન્દ્રભાઈના પત્નીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.ચૌહાણ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૩૩૪/૧૮**

**નારોલઃ** સુશીલાબ્હેન વા/ઓ રવિભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે.નારોલ ચોકડી પાસે નારોલ વટવા રોડ સગુન પોલીમર કંપનીના કંપાઉન્ડમા આવેલ ક્વાટર્સમાં) તા.૦૩/૧૦/૨૦૧૭ બપોરના સમયે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે ગેસનો બાટલો ફાટતા દાઝી ગયા હતા. સારવાર માટે વડોદરા અમૃત હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી.એ.જી.બ્રિંદ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૩૫/૧૮**

**નિકોલઃ** સુનીતાબ્હેન વા/ઓફ મિતેષભાઇ ભારદ્વાજ (ઉ.વ.૩૯) (રહે. અક્ષરધામ સોસાયટી કાઠીયાવાડી હોટલની પાસે ડી-માર્ટ રોડ નિકોલ) એ આર્થીક પરીસ્થીતી સારી ના હોવાથી મનમાં લાગી આવતા તા.૧૫/૦૨/૧૮ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે સીંગરવા સી.એલ સ્કુલની સામેના ખુલ્લા મેદાનમા જઈ ઘઉમા નાખવાની ગોળી પી લીધી હતી. સારવાર માટે બાપુનગર જનરલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી. ચીમનસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** નયનાબહેન વા/ઓ જગદીશભાઇ મોદી (ઉ.વ.૫૨) (રહે.બહુચરમાતાની ખડકી ગોમતીપુર ગામ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી એન.પી.રાઠોડ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** ચેતનભાઇ રમણીકભાઇ ટાંક (ઉ.વ.૩૫) (રહે. શાંતીનાથ એપાર્ટમેન્ટ બસ સ્ટેન્ડ સામે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૧૮ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા કેલીકો મીલ પાછળ રીવરફ્રન્ટના વોકવે ઘાટ નંબર-૧૫ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.